Club Id : 52203

Charter Dt : 02/06/1999

# ROTARY CLUB OF SURAT EAST

**RI YEAR : 2020-2021** અંક : ૦૮ તા.: ૦૧/૦૩/૨૦૨૧

| HOLGER KNAACK | Rtn.PRASHANT JANI | Rtn.JAGDISH VAGHASIA | Rtn.KETAN PATEL | Rtn.AMULAKH SAVANI |
|---|---|---|---|---|
| RI. President | District Governor | Club President | Club Secretary | Editor |

e-bulletin

## અપેક્ષા



**Rtn. Dr.Jagdish Vaghasia**
Club President

નમસ્કાર રોટેરીયન મિત્રો,

સૌ કુશળ હશો,

આપણે ફેબ્રુઆરી મહિનામાં સૌ સાથે મળ્યા. પહેલીવાર મળવાનું થવુ ખુબ મોટી સંખ્યામાં આપ સૌ મિત્રો ઉપસ્થિત રહ્યા. સાધારણ સભાની સાથે સાથે આપણે સ્પીકર મિટીંગનું પણ આયોજન કરેલ જેમાં લીવર અને પેટના રોગો વિશે વિસ્તૃત માહિતી મેળવી. મિત્રો, આ કપલ મિટીંગનું સૌજન્ય આપણને આપણા પાસ્ટ પ્રેસીડેન્ટ શ્રી ડો.અમુલખ સવાણી સાહેબના પ્રયત્નથી મળેલ અને ડો.પિન્ટુ ભાખર અને ડો. પલ્લવ પરીખ દ્વારા આપણને ખુબ સરસ માહીતી મળી.

આપણા પાસ્ટ પ્રેસીડેન્ટ ડો. અમુલખ સવાણી સાહેબ દ્વારા આગામી દિવસોમાં પણ આવી જ સ્પોન્સરશીપ શોધી લાવવા જણાવવામાં આવેલ. આમ આપણે હવે રેગ્યુલર મિટીંગોમાં મળતા રહીશું આપ સૌ મિત્રો મિટીંગમાં ખાસ હાજરી આપશો એવી અપેક્ષા.

માર્ચ મહિનામાં એ હોળી અને ધુળેટી જેવા તહેવારો આવી રહ્યા છે આપ સૌને હોળી અને ધુળેટીની શુભકામનાઓ..

જય રોટરી..

- ડો.જગદિશ વઘાસિયા




UNITY BRANDING - 97276 75000



**Rtn. Ketan Patel**
Club Secretary

**૦૪/૦૧/૨૦૨૧, સોમવાર**

ડીસ્ટ્રીકટ લીટરશી પ્રોજેક્ટ અંતર્ગત **પ્રવાસ** નું આયોજન કરેલ જેમાં સોમનાથ થી નંદુરબાર ધુલિયા સુધી કાર રેલી નું આયોજન **સફર શિક્ષા કા** શીર્ષક હેઠળ થયેલ. જેનું સ્વાગત કામરેજ ખાતે સુગર & સ્પાઈસ ખાતે કરેલ અને રાત્રે ફેલોશિપ મીટીંગ નું આયોજન કરેલ.

**૧૨/૦૧/૨૦૨૧, મંગળવાર**

ના રોજ જનરલ મીટીંગ ની સાથે સાથે આંતરડા અને પેટ ના રોગો વિષે નો સેમીનાર રાખવામાં આવેલ જેમાં. ડો.પીન્ટુ ભાખર અને ડો. પલ્લવ પરીખ દ્વારા .લીવર, પેટ અને આંતરડા ના રોગો વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ અને રોગો ના થાય તે માટે શું કાળજી રાખવી અને થયા બાદ શું સારવાર કરી શકાય તે વિષે માહિતી આપેલ.

**૨૭/૦૨/૨૦૨૧, શનિવાર**

રોટરી ડીસ્ટ્રીકટ ૩૦૬૦ ની સ્પોર્ટ્સ ઈવેન્ટ નું આયોજન સેલવાસ મુકામે થયેલ જેમાં રોટરી કલબ સુરત ઈસ્ટ દ્વારા એક ક્રિકેટ ટીમ ભાગ લેવા સેલવાસ મુકામે ગયેલ અને તેમાં પહેલી મેચ માં વિજેતા થયેલ. આ ટીમ ની કેપ્ટનશીપ સેક્રેટરી રો. કેતન પટેલે કરેલ.

## જન્મદિન શુભેચ્છા માર્ચ-૨૦૨૧

| | |
|---|---|
| 13/03/2021 | **મિહીર ઠક્કર** |
| 15/03/2021 | **રમેશ વઘાસિયા** |
| 18/03/2021 | **ડો. જય ભુવા** |
| 18/03/2021 | **મગનભાઈ ધોરાજીયા** |
| 22/03/2021 | **ચેતનાબેન શિરોયા** |




## :: PHOTO GALLERY ::

















UNITY BRANDING - 97276 75000



**Rtn. Amulakh Savani**
Bulletin Editor

# “ખુશી - એક પોતીકી પરિભાષા”

કિસી કે કામ જો આયે,
વો હી સચ્ચી ખુશી પાતે હૈ,
ચહેરે પે મુસ્કાન લાતે હૈ,
વો હી મસ્તિ કે ગીત ગાતે હૈ.

( ડો. અમુલખ સવાણી)

સોનાનાં પાંજરામાં પુરાયેલા પક્ષી માટે ખુશી ની પરિભાષા સ્વતંત્રતા હોય, રોટલા માટે મજૂરી કરતાં માણસ માટે ખુશી ની વ્યાખ્યા બે ટંકનું ભોજન હોય, પોતાનાં નિવસ્ત્ર બાળકો માટે પુરુ શરીર ઢાંકી શકે તેટલા કપડાં હોય... કોઈપણ પત્ની માટે ખુશી ની પરિભાષા પોતાનાં પતિનો જીવનભરનો પ્રમાણિક અને અર્થસભર સંગાથ હોય. પતિ ગમે તેટલી ભેટ સૌગાત આપતો હોય, વખાણ કરતો હોય પણ તેનામાં સંબંધ માટે નિષ્ઠા ન હોય, નિસ્વાર્થ લાગણીનો અભાવ હોય તો પત્ની ખુશ ક્યારેય નથી રહી શકતી. ઉપરછલ્લો સંવાદ કે ઉપરછલ્લી " દાખવેલી" કે "બતાવેલી" લાગણી, ઊભડક વર્ષ ગાંઠ અને એનિવર્સરીની ઉજવણી ત્યાં સુધી જ સાર્થક નીવડે છે જ્યાં સુધી "માનવતા" અને "સંવેદનશીલતાનુ " તત્વ બંન્ને વચ્ચે જીવંત હોય છે. એકબીજા માટે અને એકબીજાનાં ઘરના સભ્યો માટે પણ.

માણસ જેવો છે તેવો વર્તી શકે, માણસનાં વિચાર વાણી અને વર્તનમાં ઐક્ય હોય ,તેને થોડાંક લાભ માટે કૃત્રિમતાના વાઘા પહેરી પોતાના "સ્વ" તત્વને હાની પહોંચાડતો ન હોય, તે નિર્દોષ નિખાલસ અને દ્વેષ કપટથી રહિત હોય તો એ સુખી થોડો ઓછો હોય તોપણ દરેક પરિસ્થિતિમાં અંતરથી આનંદ માં ચોક્કસ રહી શકે છે.

દરેક સુખી માણસ સુખની અનુભૂતિ કરે જ છે...એ કહેવું મુશ્કેલ છે. સુખી હોવું અને સુખની અનુભૂતિ અંતરથી કરવી, અનુભવવી તે બંને અલગ વસ્તુ છે. લોકોની નજરમાં કોઈ વ્યક્તિ પાસે બધું જ સુખ છે કદાચ હોય પણ ખરું પણ ત્યાં માણસનો સ્વભાવ તેને નડી જાય છે. સ્વભાવમાં રહેલો 'અભાવ' તેને નડી જાય છે અને કોઇના પ્રભાવમાં આવી પોતાની નૈસર્ગિકતા ગુમાવી બેસે છે, સ્વભાવમાં રહેલો અસંતોષ ,સુખ ને પચાવી શકવાની તેની અક્ષમતા તને નડી જાય છે.

સાચો સુખી તે જ છે જે સુખને પચાવી શકે છે અને દુઃખમાં હિંમત હાર્યા વગર પોતાની આત્મા જોડે પ્રામાણિક રહીને ઝઝુમી શકે છે. ભલભલા તત્વચિંતકો નાનું મોટું દુઃખ જીવનમાં આવતા અસત્યનો, જૂઠાણાનો સહારો લઈ, ખોટાના પડખે ઉભા રહી જઈ, તેમાંથી બહાર આવવા શોર્ટકર્ટ્સ અપનાવી તરફડિયા મારતાં હોય છે. પણ પોતાના આત્માને નિર્લેપ રાખી, પોતાની જાત જોડે પ્રમાણિક રહી , સાચાં હોવ તો એકલાં ઊભા રહી ઝઝૂમી શકવાની હિંમત દાખવનાર જ સાચા સુખની અનુભૂતિ કરી શકે છે. સાચી ખુશી આંતરિક છે. અને આપણે બહારની આડંબરથી ભરેલ વસ્તુઓમાં તેને શોધતાં રહીએ છીએ....

મરજીવા દરિયા ખુંદવા જાય અને જો ટોર્ચ લાઈટ સાથે ન રાખે તો મોતી ની પ્રાપ્તિ દુર્લભ છે. ભલે તમારાં રસ્તા , ધ્યેય સ્પષ્ટ હોય પણ આત્મા નું અજવાળું ન હોય,અંતર આત્માના અવાજની દીવાદાંડીને અનુસરવાની તમે હિંમત ન દાખવી શકતા હોવ, તો તમે સુખી થશો પણ સુખની અનુભૂતિ નહીં મેળવી શકો.



UNITY BRANDING - 97276 75000



**Rtn. Amulakh Savani**
Bulletin Editor

કેટલી અધરી પરિસ્થિતી  હોય!!! રોટલી સામે પડી છે પણ તમે ખાઈ નથી શકતા કારણ કે વચ્ચે અહમની, દંભની દીવાલ છે. હિમાલયની ટોચ પર પહોંચ્યા પછી તમારામાં જીવંતતા હશે તેની સુંદરતા, તેની ભવ્યતા અનુભવવાની આંતરિક શક્તિ દ્રષ્ટિ હશે તો તમે તેને અનુભવી શકશો. બાકી સ્વેટર પહેરી, ઝંડો રોપી, થોડી સેલ્ફી લઇ નીચે ઉતરી આવશો.... ને વાહ-વાહી મેળવશો.. શું વાહવાહી મેળવવાથી તમે સુખી થઇ ગયા?? ચોક્કસથી નહીં. એ જ રીતે સફળતાની ટોચ પર પહોંચ્યા પછી તમે આંતરિક રીતે સમૃદ્ધ થયા હશો  તો જ તેની ખુશી અનુભવી શકશો. અર્થપૂર્ણ સફળતા મેળવી શકશો.

તમે પોતાના સંપર્કમાં આવતાં માણસો, તે નજીકનાં સંબંધો હોય કે માત્ર સંપર્કમાં આવતાં હોય એવાં વ્યક્તિઓને  શાબ્દિક, અશાબ્દિક કે વર્તનથી દુઃખી કરી તેમને છેતરી,દગો દઈ કે  તેમના આત્માને દુઃખી કરી પોતે જો સફળ થયા હોવ તો એ શક્ય જ નથી કે તમે ખુશી અનુભવો. જીવન  એક રીફ્લેક્શન છે. તમે જે અનુભવો છો તે તમારા કર્મોનું  રીફ્લેક્શન છે. જેવું આપો છો તેવું જ રિફ્લેક્શન મેળવો છો. ખુશી વહેચવાથી વધે છે બસ એવું જ. દુઃખ વહેચવાથી ઘટે છે એ સાચું પણ પોતાનું જ દુઃખ વહેંચ્યા કરો એવું નહીં ક્યારેક કોકના દુઃખમાં પણ ભાગ પડાવો. તમે તેનું દુઃખ ભલે દુર ના કરી શકો પણ તેના દુઃખને સંવેદી શકો ,અનુભવી શકો, હાથમાં હાથ પકડી 'હું છું તારી સાથે' પૂરા મનથી કહી શકો. તેને મોરલ સપોર્ટ સતત આપી શકો તો તે તમારા કર્મોનું  જમા પાસું છે. હા તેમાં પણ "મેં મારી જમા પાસાની ચેકબુક ફુલ કરવા આવું કર્યું" તેનો હિસાબ  ન રાખતા. 'મેં કર્યું' તેવો ભાવ ના રાખતાં. સ્થિતપ્રજ્ઞ ભાવે અંદરથી મૌજ માં રહો.

**જે કર્મમાં  અકર્મને  અને અકર્મમા કર્મને જાણે છે તે જ સાચો જ્ઞાની છે.** આ ગીતાનાં વિધાનના કેટલાં ગહન અને ઊંડા અર્થ છે. તેને જો થોડો પણ આત્મસાત કરી શકીએ તો સાચાં અર્થમાં સુખની અનુભૂતિ કરી શકાય. બાકી બ્રહ્મ સત્ય જગત મિથ્યા છે. આ જગતમાં પ્રશંસા અને પૈસા બે જ મળે છે સુખ તો જાતે કમાવવું પડે છે કર્મોથી.
ચોધાર આંસુએ રડી પડ્યું સુખ, મારી દ્વિધાને તું વિસારે ન પાડ એ ખુશી!
ખુશીએ સ્થિતપ્રજ્ઞ થઈને કહ્યું..."સસ્તુ સુખ મને ગમતું નથી.... ખુશી અનુભવવા તો  તારે  ભીતરથી સમૃદ્ધ થવું પડશે...."

**(રત્ન કણિકા)**

કોઇ ને કોઇ ની " ફરિયાદ" કરવાને બદલે જો"ફરી"-યાદ કરીએ,
તો મહદ્ અંશે સંબંધો ટકી રહેશે અને કૃતજ્ઞભાવે બધુજ સહજ અને સરળ લાગશે.
ખુલાસા કરવાની જરુર જ નહીં પડે.

UNITY BRANDING - 97276 75000

# રોટરીમાં સૌનુ ભલુ થાય...

રોટરી માં મિત્રો માટે કાયમ માન છે,
પરોપકારી કામ પર અમારું ધ્યાન છે.

ખાતરી છે, રોટરીમાં સૌનુ ભલુ થાય,
સુવિચારો નુ મળેલુ દિવ્ય વરદાન છે.

ખુલ્લી રાખી છે, રોટરી ની કિતાબ,
સમ ભાવ થકી દરેકનુ ઉંચુ સ્થાન છે.

સાથે રહી કરીએ રોટરીના સારા કામ,
‘અમુલખ’ સેવા, એ રોટરીની શાન છે

- (ડો. અમુલખ સવાણી)



UNITY BRANDING - 97276 75000